આજે કોલવડામાં સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૧૫

સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે કોલવડા લાલઘર માતાજીના મંદિર ખાતે સુંદરકાંડ પાઠ તા. ૧૬ ફેબ્રુઆરી રવિવાર બપોરે ૨.૩૦ કલાકે યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભકતોને લાભ લેવા સુંદરકાંડ પાઠ સમિતિ દ્વારા જણાવાયું છે.

શિવશક્તિ મંદિરમાં પાટોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

શહેરના સેક્ટર-૩-એ-ન્યુ ખાતે આવેલા શિવશક્તિ મંદિરનો પાટોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં મંદિર પરિસરને વિવિધ પ્રકારના સુશોભનથી શણગારવામાં આવ્યું હતું અને શિખર ધજા રોહણ કરવામાં આવ્યું હતું. મંદિરમાં દર વર્ષે ધાર્મિક તહેવારોમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં સેક્ટરના વસાહતીઓ મોટી સંખ્યામાં જોડાય છે.

સ્વનિર્ભર શાળાના શિક્ષકો ૧૯મીથી ધરણા કરશે

વિવિધ ૬ માંગણીઓને લઈ આજે રેલી યોજાઈ : ૩૦૦ શિક્ષકો જોડાયા

ગાંધીનગર, તા.૧૫

નોન ગ્રાન્ટેડ શાળાઓને કોઈ પણ પ્રકારનો લાભ ન મળતો હોવાના આક્રોશ સાથે આજે સ્વનિર્ભર શાળાના ૩૦૦ જેટલા શિક્ષકએ આજે ઘ-૦ થી સે-૬ સત્યાગ્રહ છાવણી સુધી રેલી યોજી હતી. હમારી માંગે પુરી કરોના સૂત્રોચ્ચાર સાથે નીકળેલી આ રેલીના અંતે હિત વર્ધક સમિતિ દ્વારા શિક્ષણમંત્રીને વિવિધ ૬ માંગણીઓ સંદર્ભે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. માંગણીઓ નહીં સંતોષાય તો આગામી ૧૯ ફેબ્રુઆરીથી ધરણા કરવામાં આવશે.

સ્વનિર્ભર શાળાઓના કર્મચારીઓની હિત વર્ધક સમિતિ દ્વારા નોન ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓને કોઈ લાભ ન મળતા હોવાના આક્રોશ સાથે આજે બપોરે ૧ વાગે ઘ-૦થી રેલી યોજવામાં આવી હતી. રેલીમાં સુરત, પંચમહાલ, પાટણ, મહેસાણા, આણંદ તેમજ સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી ૩૦૦થી વધુ શિક્ષકો જોડાયા હતા. સ્વનિર્ભર શાળાના તમામ કર્મચારીઓને નોકરી રક્ષણ, શાળાઓને પુરતી ગ્રાન્ટ, વિદ્યાર્થીઓને પુરતી સવલતો અને શિષ્યવૃત્તિ સહીતના લાભો પુરા પાડવાની વિવિધ ૬ માંગણીઓને લઈ શિક્ષણમંત્રીને આવેદનત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. સમિતિના રાજયકક્ષાના પ્રતિનિધિ પ્રકાશ રાવલના જણાવ્યા મુજબ આજના રેલીના કાર્યક્રમમાં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી શિક્ષકો જોડાયા હતા. આગામી બે દિવસમાં સમિતિની માંગણીઓ સંદર્ભે સરકાર હકારાત્મક અભિગમ નહીં દાખવે તો તા. ૧૯ ફેબ્રુઆરીથી ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવશે.

કોબા ગામમાં હઝરત કાદરશાવલીનો ઉર્સ મુબારક શાનો સોકતથી મનાવાયો હતો. ઉર્સ નિમિત્તે દરગાહ પાસે મુસ્લિમ બિરાદરો ખિદમતગાર, યુનુશબાપુ, બાબુભાઈ મન્સુરી, રીધવાન મન્સુરીએ હેરતઅંગેજ પ્રયોગો રજુ કરી સૌને દંગ કરી દીધા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલે વિશેષ હાજરી આપી મુસ્લિમ બિરાદરોને ઉર્સ મુબારકની શુભેચ્છા પાઠવી હતી.

કોલવડા આવાસ યોજનાનું કામ પૂર્ણ થતા લોકાર્પણ વિધિમાં વિલંબ

ઝૂંપડાવાસીઓને મકાન ફાળવવા લાભાર્થીઓની યાદી આખરી થઈ નથી

ગાંધીનગર, તા.૧૫

કોલવડા ગામની સીમમાં નિર્માણ કરાયેલી ઝૂંપડા વસાહતની આવાસ યોજના સંદર્ભે લાભાર્થીઓની યાદીનું ઠેકાણું ન પડતા લોકાર્પણ વિધિ પ્રક્રીયા વિલંબમાં પડી છે. અંદાજિત રૂ. ૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા આવાસો અન્વયે પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

ઝૂંપડાવાસીઓને માથે પાકી છત પુરી પાડવા માર્ગ મકાન વિભાગ દ્વારા કોલવડા ગામની સીમમાં નવીન આવાસ યોજના તૈયાર કરવામાં આવી છે. દોઢ વર્ષના અંતે આવાસ યોજનાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. અંદાજિત ૪૦ કરોડના ખર્ચે ૮૦૦થી વધુ આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. જયારે આવાસ યોજનાને અનુલક્ષી રસ્તા તેમજ સ્ટ્રીટલાઈટનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. તંત્ર દ્વારા ગરીબ ઝૂંપડાવાસીઓને તમામ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. ઝૂંપડાવાસીઓની આવાસ યોજનાનું કામ દોઢ મહિના પૂર્વે પૂર્ણ થઈ ગયું છે. બીજી તરફ છેલ્લા કેટલાક સમયથી વિવિધ વિકાસ કામોને લઈ લોકાર્પણ વિધિના કાર્યક્રમો યોજવામાં આવે છે. આગામી સપ્તાહમાં પણ મોટા ભાગના કામોની લોકાર્પણ વિધિ યોજવામાં આવનાર છે. જયારે ઝૂંપડાવાસીઓની આવાસ યોજના તૈયાર થઈ ગયા બાદ પણ લાભાર્થીઓની યોગ્ય યાદી તૈયાર ન થઈ હોવાથી લોકાર્પણ વિધિના કાર્યક્રમમાં પણ વિલંબ થઈ રહ્યો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

કલોલ રેલવે સ્ટેશન રોડ પર થયેલી

૨૦ લાખની લુંટનો ભેદ ઉકેલાયો

દેના બેંકના પટાવાળાની સંડોવણી ખુલી : ચાર શખ્સોની ધરપકડ : રૂ. ૧૯.૫૦ લાખ રીકવર : ૫૦ હજાર મોજશોખ પાછળ વાપરી નાંખ્યા

ગાંધીનગર, તા. ૧૫

કલોલ ખાતે રેલવે સ્ટેશન રોડ પર રિક્ષામાં બેસી દેના બેંકના કર્મચારીઓ રૂ. ૨૦ લાખ રેલવે સ્ટેશન એટીએમમાં જમા કરાવવા જઈ રહ્યા હતા. તે દરમ્યાન સ્ટેશન રોડ પર એક બાઈક પર બે સવારી આવેલા લુંટારૂ શખ્સોએ રૂપિયા ભરેલી બેગ લુંટી લીધાની ચકચારી ઘટના બનવા પામી હતી. રેલવે પોલીસે આજે આ ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. બેંકનો જ પટાવાળો આ ગુનામાં સંડોવાયેલો હોવાનું ખુલ્યું છે. પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી રૂ. ૧૯.૫૦ લાખ રીકવર કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

રૂ. ૨૦ લાખ રોકડા ભરેલી બેગની સ્ટેશન રોડ કલોલમાંથી થયેલી લુંટની ઘટનાના સમયથી જ રેલવે પોલીસને બેંકના કોઈ કર્મચારીની સંડોવણી હોવાની શંકા ગઈ હતી. દરમ્યાન દેના બેંકના પટાવાળા દિનેશ પી. મકવાણાની વર્તણુંક શંકાસ્પદ જણાતા પોલીસે તેના પર વોચ ગોઠવી મોબાઈલ નંબરની ડીટેઈલ મેળવી સંપર્કોની તપાસ કરી હતી. વામજ પાસેના વડાલી ગામે એક વ્યક્તિને ત્યા આ વહીવટ પતાવવા નીકળ્યા હોવાની બાતમી મળતા પોલીસ ત્યાં પહોંચી ગઈ અને આરોપીઓને દબોચી લીધા છે. તપાસમાં ખુલ્યું છે કે પટાવાળા દિનેશે લોકેશન અને બાતમી આપી હતી તે ઉપરાંત અન્ય ત્રણ જણાની ધરપકડ કરવામાં આવી છે. કલોલનો રીઢો ગુનેગાર કે જેની સામે મર્ડર, મારામારી સહીતના ગુનાઓ નોંધાયેલા છે. તેવા અમરીશ ઉર્ફે ટીનો પ્રેમાભાઈ વાઘેલા, કડી તાલુકાના વડાલી વિસ્તારના પરબત ઠાકોર તથા બાઈકચોરી, લૂંટ-ફાટ, ચિલઝડપ, આર્મ્સ એક્ટ જેવા ગુનાઓમાં સંડોવાયેલો કડીનો શખ્સ રાજી ઉસ્માન ભીખા હલાલ મણીને ચાર શખ્સોની રેલવે પોલીસે ધરપકડ કરી લીધી છે. દિનેશના એટીએમમાંથી રૂ. ૩ લાખ અને પરબત ઠાકોર પાસેથી રૂ. ૧૬.૫૦ લાખ મળીને રેલવે પોલીસે રૂ. ૧૯.૫૦ લાખ રીકવર કરી લીધા છે. બાકીના રૂ. ૫૦ હજાર આ શખ્સોએ મોજશોખ પાછળ વાપરી નાંખ્યા હોવાની કેફીયત આપી રહ્યા છે.

શક્તિકપૂર ગાંધીનગરના મહેમાન - ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી જાણીતા ફિલ્મ અભિનેતા શક્તિકપૂર અને અન્ય કલાકારો મહેમાનગતી માણે છે... નગરની જાણીતી હોટેલ - હોટેલ પ્રેસિડેન્ટ ખાતે રોકાણ કર્યું હતું.

શહેરમાં વધુ એક અકસ્માત મીનાબજાર પાસે આવેલ અંડરબ્રીજ ખાતે થયો હતો. જીજે-૧૮-એટી-૯૪૪ નંબરનો છોટાહાથી ૪.૪૫ વાગ્યે અંડરબ્રીજ નીચેથી પસાર થતાં ફસાઈ ગઈ હતી. જહેમત બાદ રીવર્સ લઈ બહાર તો વાહન નીકળી ગયું હતું. સારૂ ઘણુ નુકશાન પણ થયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

શેરથા હાઈવે પરથી ખીચોખીચ ઘેટાં-બકરા ભરેલી ૯ ટ્રક ઝડપાઈ

૨૭ રાજસ્થાની શખ્સોની ધરપકડ : ટ્રકોમાં ૨૮૨૭ ઘેટા-બકરા નિર્દયતાથી ભર્યા હતા : ૧૬ મૃત્યુ પામ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક શેરથા-જમીયતપુરા હાઈવે પરથી વહેલી પરોઢે બેરહેમીપૂર્વક ખીચોખીચ ગેટા-બકરા ભરેલી ૯ ટ્રકોને પોલીસે ઝડપી લઈ રાજસ્થાનના ૨૭ શખ્સોની ધરપકડ કરી લીધી છે. ટ્રકોમાં ૨૮૨૭ ઘેટા-બકરા ભર્યા હતા જેપૈકી ૧૬ મૃત્યુ પામ્યા હતા. કલોલ તાલુકા, કલોલ સીટી અને અડાલજ પોલીસે તમામ સામે ધોરણસરની કાર્યવાહી કરી તપાસ આરંભી છે.

શેરથા-જમીયતપુરા ટોલટેક્ષ હાઈવે પરથી આજે સવારે સાડા ત્રણથી સાડાચાર વાગ્યાના સમયગાળામાં નિર્દયથાથી ઘેટા-બકરા ભરેલી ટ્રકો પસાર થવાની બાતમી આધારે કલોલ સીટી, તાલુકા અને અડાલજ પોલીસે ૯ ટ્રકો ઝડપી પાડી હતી. પરમીટ વગર તથા પશુઓ માટે ચારો-પાણીની વ્યવસ્થા કર્યા વગર ક્રૂર રીતે ટ્રકોમાં ખીચોખીચ ભરીને ઘેટા-બકરા લઈ જવાઈ રહ્યા હતા. ૯ ટ્રકોમાં ૨૮૨૭ ઘેટા-બકરા બેરહેમીપૂર્વક ભર્યા હતા. જેમાં ૧૬ ઘેટા-બકરા મોતને ભેટ્યા હતા. રાજસ્થાનના બાઢમેર વિસ્તારના તમામ ૨૭ આરોપીઓની અડાલજ, કલોલ સીટી અને કલોલ તાલુકા પોલીસે ધકપકડ કરીને ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

વિચાર સારો હશે તો જીવન સારુ હશે : સ્વામી ચિન્મયાનંદ

નરેન્દ્ર મોદી જ વડાપ્રધાન બનશે, બાબા રામદેવ સાચા રાષ્ટ્રસંત છે : ચિન્મયાનંદ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં હરિદ્વારના ભવ્ય કલ્યાણ મિશન ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત કથામાં યુવા કથાકાર સ્વામી ચિન્મયાનંદ બાપુ શ્રોતાઓને કથાનું રસપાન કરાવી રહ્યા છે. સ્વામી ચિન્મયાનંદ બાપુએ આજે પત્રકારોને આપેલી મુલાકાતમાં ખુલ્લા દિલેઅનેક બાબતો પર પ્રકાશ પાડ્યોહતો તેમજ નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બનશે તેવો આશાવાદ રજુ કર્યો હતો.

પત્રકારોના સવાલના જવાબ આપતા ચિન્મયાનંદે જણાવ્યું હતું કે વ્યક્તિ મનમાં સારોવિચાર કરવાનુંરાખે તો જીવન આપોઆપ સારૂ બને છે. પશ્ચિમી સંસ્કૃતિની અસર હેઠળ વિચાર બદલાઈ ગયા છે તેથી જીવન પણ બદલાઈ ગયા છે. તેવુ કહેતા સમાજમાં વૈચારિક ક્રાન્તિ લાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો તેમણે દાવો કર્યો હતો. યુવાપેઢી ધર્મથી વિમુખ થઈ રહી હોવાના આક્ષેપ સાથે તેમણે યુવાનોમાં ધર્મની જ્યોતિ પ્રગટાવવાના આશયથી હરિદ્વારમાં ગુરુકુલની સ્થાપના કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. આ ગુરુકુલમાં વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવામાં આવશે તેવું જણાવતા તેમણે કહ્યુ હતુ કે રામ અને કૃષ્ણના ચરિત્ર થકી મનુષ્યના જીવનમાં શાંતિ મળે છે.

માત્ર ૯ વર્ષની ઉંમરથી પૂર્વ જન્મના સંસ્કારના કારણે તેઓ ધર્મના માર્ગેચાલી નીકળ્યા હોવાનું જણાવ્યુંહતું. તેમણેતેમની પ્રથમ કથા માત્ર ૧૨ વર્ષની ઉંમરે કરી હતી અને ત્યારબાદ અત્યારસુધીમાં ૪૫૧ થી વધારે કથાઓ કરી ચુક્યા હોવાનો પણ દાવો કર્યોહતો. ગુજરાતમાં તેઓ અમદાવાદ, મહેમદાવાદ, વડોદરા અને કલોલ ખાતે પણ કથા કરી ચુક્યા છે.

ભારતમાં સંતો મહાત્માઓદ્વારા મોટી સંપતિકરણ અંગેના પ્રશ્નનોજવાબ આપતા તેમણે કહ્યું હતું કે અર્થવગર પરમાર્થ શક્ય નથી. બાબા રામદેવને પોતે નજીકથી જાણે છે અને તે સાચા રાષ્ટ્ર સંત છે તેવો બચાવ પણ કર્યો હતો. બાબા રામદેવ ભલે સંપત્તિ એકઠી કરે છે પણ તે પોતાના પરિવાર માટે નથી વાપરતા પરંતુ લોકહિતમાં વાપરે છે અને પોતે તો સાદુ તપસ્વીનું જીવન જ જીવે છે, જમીન પર સુવે છે અને ફળાહાર જ કરે છે. આશારામ અંગેના સવાલમાં તેમણે લોકોને સારી કંપની સફળ થાય તો લેભાગુ કંપનીઓ પણ ફુટી નીકળે જ છે. જેથી ભક્તોએ આંખ કાન ખુલ્લા રાખી ગુરુ કરવા અનુરોધ કર્યોહતો. યુવાન અનેઆકર્ષિક વ્યક્તિત્વ ધરાવતા સ્વામી ચિન્મયાનંદે સાચા સંતની સરળતા બાળક જેવી હોય છે. તેવું કહેતા લોકોને અનુરોધ કર્યોહતો કે તમારી શ્રદ્ધા એટલી વધારો કે સાચા સંત તમને સામેથી મળી આવે.

લીંબડીયા પાસે ટોઈંગ વાન પલ્ટી ખાઈને આઈશરને ટકરાઈ : એકનું મૃત્યુ

ટોઈંગ વાનમાં બેસેલા કલીનરનું કરૂણ મૃત્યુ : ચાલક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા લીંબડીયા નર્મદા કેનાલ પાસે રોડ પરથી બેફામ ગતિએ પસાર થઈ રહેલી ટોઈંગ વાન પલ્ટી મારીને એક આઈશર સાથે ટકરાઈ હતી. જેમાં ટોઈંગ વાનમાં બેસેલા કલીનરનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ડભોડા પોલીસે મૃતકના પિતાની ફરિયાદને આધારે ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

આજે બપોરના અરસામાં અમદાવાદ વટવા ખાતે રહેતો કરીમદાદ સીકંદર ખાન બલોચ જીપ કેઈન (ટોઈંગ વાન) નં. જીજે ૧ એલ.કયુ. ૧૭૧૪ લઈને લીંબડીયા રોડ પરથી પસાર થઈ રહ્યોહતો. કલીનર તરીકે વટવાનોજ યુવાન નાસીરખાન મુસ્તકીમ અલ્લાહરખા બલોચ કેઈનમાંબેઠોહતો. બેફામ ગતિએ ટોઈંગવાન લઈને જતા કરીમદાદે કાબુ ગુમાવતા લીંબડીયા પાસે ટોઈંગવાન પલ્ટી મારી ગઈ હતી અને આઈશર ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કલીનર નાસીરખાનનું મૃત્યુ થયું હતું જયારે ડ્રાઈવર કરીમદાદને પણ ગંભીર ઈજાઓ થઈ હતી. મૃતકના પિતાની ફરિયાદને આધારે ડભોડા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

ટીંટોડા પાસે ઝાડ પર લટકી જઈ યુવાનનો ગળેફાંસો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ મજુર રેલવે કોલોનીમાં રહેતા ૨૦ વર્ષીય યુવાન ગીરીશ અંબાલાલ સોલંકીએ ટીંટોડા ગામની સીમમાં જામનગર પરા પાસે એક ઝાડ પર લટકી જઈ ગળેફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ બહાર આવ્યુ નથી. પેથાપુર પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩
સૂર્યાસ્ત : ૬.૩૫

તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

સૂર્યા, વાવોલ

ગુંડે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હસી તો ફસી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હસી તો ફસી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

વિરાગ સિનેમા(કલોલ)

ગુંડે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે. કોઈપણ નિર્ણય વિચારની કરવો.

વૃષભ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : આર્થિક નવા સ્ત્રોતો પ્રાપ્ત થશે. કુટુંબમાં ઉદ્‌ભવેલ સમસ્યાના અંત આવતો જણાશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપાર માં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. ચંપાબેન સુંદરલાલ શાહ (ઉ.વ. ૮૨) મુ.પો. ધણપ, તા. જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રભાતભાઈ મેરાજભાઈ દેસાઈ (ઉ.વ. ૬૫) પ્લોટ.ન. ૫૬૧/૨, સેક્ટર-૧બી, ગાંધીનગર.
- સ્વ. કિશોરકુમાર હસમુખભાઈ સોની (ઉ.વ. ૪૦) પ્લોટ નં.૭૩૮/૨, સેક્ટર-૪સી, ગાંધીનગર.
- સ્વ. કપીલાબેન ચંદ્રકાન્ત સોલંકી (ઉ.વ. ૫૭) પ્લોટ નં. ૫૭, એ-૧/૨૬, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, જિ. ગાંધીનગર.